# 23. લઘુકાવ્યો

## સ્વાધ્યાય

1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) કવિ ક્યાં જવાની ના પાડે છે?

(A) આવકાર મળે ત્યાં

(B) આદર મળે ત્યાં

(C) આંખોમાં સ્નેહ દેખાય ત્યા

(D) આવકારો ન મળે ત્યાં

2) શું બનવું દુર્લભ છે?

(A) કુલદીપક

(B) દેશદીપક

(C) વીર

(D) મહાન

2. એક વાક્યમાં ઉત્તર આપો:

1) કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે શું?

- કવિની દૃષ્ટિએ ભારવાળો મુગટ એટલે જવાબદારીવાળો મુગટ.

3. બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

1) મુરલી ઠાકુરને આંગણું મોટું શા માટે લાગે છે?

- ખોરડું નાનું છે, બહાર સુંદર મજાનું આંગણું છે. સૂર્યનો ઉજાસ ચારે બાજુ ફેલાય છે. કવિની ચેતના એ ઉજાસને ઝીલે છે. ચેતના સ્વયં વિસ્તાર પામે છે, તેથી ઓરડાની બહારનું આંગણું કવિને મોટું લાગે છે.

4. સાત-આઠ લીટીમાં ઉત્તર આપો:

**1) 'ચેતજે જીતમાંય...' મુક્તકમાં કવિ કઈ વાતની ચેતવણી આપે છે તે વિસ્તારથી સમજાવો.**

- 'ચેતજે જીતમાંય...' મુક્તકમાં કવિ એ વાતની ચેતવણી આપે છે કે જગતમાં કદી હાર જ ન હોય અને સુખ અને દુ:ખનો કોઈ પ્રકાર જ ન હોય એમ માનવું નહિ. માનવીનું જીવન એક ગતિશીલ ચક્ર જેવું છે. એની સાથે હાર અને જીત તથા સુખ અને દુ:ખ સંકળાયેલાં છે. જગતમાં એવો કોઈ મુગટ બન્યો જ નથી જેને માથા પર મૂકતાં એનો ભાર ન લાગે. એટલે કે જેના માથે મુગટ હોય તેના માથે અનેકગણી જવાબદારી હોય છે. એ જવાબદારી એને નિભાવવી જ પડે છે. મુગટ કાંઈ માત્ર શોભા માટે નથી.

**2) પંક્તિઓ સમજાવો.**

"સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલ ઇમારત એના નકશામાં નથી હોતી."

- આ પંક્તિઓમાં કવિએ હાથમાં દેખાતી રેખાઓના આધારે જીવનમાં સફળતા શોધવાનો પ્રયત્ન કરતા પ્રારબ્ધવાદીઓ ઉપર કટાક્ષ કર્યો છે. જગતમાં અનેક માણસો એવા છે જે એમ માને છે કે પ્રારબ્ધ (નસીબ)માં સુખ, સમૃદ્ધિ, સફળતા લખાયાં હશે તો મળશે. તે ભાગ્યોદયની રાહ જોતા નિષ્ક્રિય બેસી રહે છે. તેમની આ સંકુચિત વિચારસરણીને પડકારતાં કવિ કર્મનું અને પુરુષાર્થનું મહત્ત્વ સમજાવે છે. આર્કિટેક્ટે કોઈ ઇમારત બાંધવા માટે નકશો દોરી આપે છે, પણ એ નકશો કાંઈ રહેવા માટેની ઇમારત બની જતી નથી. ઇમારત બનાવવા માટે એનું ચણતર કરવું પડે છે. એ માટે પુરુષાર્થ કરવો પડે છે. કેવળ હસ્તરેખા પર ભરોસો રાખીને બેસવાથી સાચી સફળતા મળતી નથી.